# સુરત મહાનગરપાલિકા

# બી.આર.ટી.એસ. સેલ

## મુદ્દા નં.૧ :– પોતાની સંસ્થા, કામગીરીઓ અને ફરજની વિગતો :–

## The Particulers of its Organisation, functions and duties :-

## બી.આર.ટી.એસ.(બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ )

ભારત સરકારની JnNURM યોજના હેઠળ દેશના શહેરી વિસ્તારોમાં માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા વધુ અસરકારક તથા આધુનિક બનાવવા તથા પ્રાઈવેટ વાહનોના વધુ ઉપયોગને કારણે ઉભી થતી ટ્રાફિકની સમસ્યાઓ તથા એન્વાયરોમેન્ટની સમસ્યાઓ ઉકેલવા તેમજ રહેઠાણથી કામ કરવાની જગ્યાઓ પર જવા આવવામાં થતી સમયની બરબાદી તથા મોંઘા બળતણની બરબાદી રોકવા માટે BRTS (Bus Rapid transit system) નું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોકત યોજના અંતગત શહેરી વિસ્તારોમાં, માસ ટ્રાન્સપોર્ટટેશન માટે બસ સર્વીસ માટે અલગ લેન આપી આધુનિક, ઝડપી, સુરક્ષીત તથા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા આવવામાં થતો માનવ સમયનો બચાવ તથા વધુ સગવડો આપી, વધારેમાં વધારે માણસોને તેમના અંગત વાહનોનો વપરાશ ઓછો કરી જાહેર પરિવહનમાં મુસાફરી કરવા પ્રેરીત કરવાના છે. જેથી રસ્તાઓ પર પ્રાઈવેટ તથા બીજા પબ્લીક વાહનો ઓછા કરી ટ્રાફીક સમસ્યા હળવી કરી શકાય આ ઉપરાંત તેમા અલગ ,સાયકલ, મીક્ષ ટ્રાફિક તથા સર્વીસ લાઈનો માટે અલગ ટ્રેક આપીને ટ્રાફિકને વધુ સુરક્ષીત ઝડપી તેમજ પ્રદુષણને લીધે થતી એન્વાયરોમેન્ટની સમસ્યાઓ હળવી કરી શકાય.

B.R.T.S યોજનાના ફેઝ–૧ હેઠળનાં આયોજનને સુરત મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર સરકારમાં JnNURM યોજના હેઠળ મંજુર કરાવવામાં આવેલ છે. જે મુજબ કુલ ૪૬૯.૦૨ કરોડ રૂપિયાની યોજના મંજુર કરવામાં આવેલ છે. જેમાં કુલ બે રૂટ (૧) સુરત ડુમસ રીસોર્ટથી સરથાણા સુધી. કેનાલ કોરીડોર તથા (૨) ઉધના દરવાજાથી સચીન સુધીનાં માર્ગનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

**ફેઝ–૧ હેઠળનાં કામો :–**

(૧) કેનાલ કોરીડોર :– સુરતનાં પૂર્વ ભાગથી પશ્ચિમ ભાગને જોડતો કેનાલ કોરીડોરમાં સમાવેશ થાય છે. જે પશ્ચિમ દિશામાં સુરત ડુમસ રીસોર્ટ થી શરૂ થઈ યુનિવર્સીટી માર્ગ, અણુવ્રત દ્વાર (સીટી લાઈટ) ખરવરનગર જંકશન, ભાઠેના પુણા જકાતનાકા થઈ સરથાણા જકાત નાકા સુધી કુલ ૧૯.૭૦ કિ.મી લાબો છે. જેમા અણુવ્રત દ્વારથી પુણાગામ સુધીનાં માર્ગ પર રોડની વચ્ચે કેનાલનો સમાવિષ્ટ થાય છે. આ રૂટની પહોળાઈ ૪૫ મીટર થી ૬૦ મીટર સુધીની છે. જેમા ૪૫ મીટરવાળા કેનાલ માર્ગ પર ૧૩ મી પહોળાઈની કેનાલની બન્ને બાજુ પર ૩.૫ મીટરનો બસ માટે અલગ રૂટ ત્યાર બાદ બન્ને તરફ મીક્ષ ટ્રાફિક માટે ૭.૨૫ મી નો રસ્તો તથા કેનાલની બન્ને તરફ ૪–૦૦ મીટર પહોળાઈમાં બસ સ્ટેન્ડ તથા એકટીવીટી એરીયાની સુવિધા આપવામાં આવેલ છે. તેમજ તે ઉપરાંત ૬૦ મીટરનાં રસ્તા પર મીક્ષ ટ્રાફિક માટે ૯.૦૦ મીટર તથા ૨.૦૦ મીટરનો સાયકલ ટ્રેક ૭.૦૦ મીટરનો સર્વીસ લેન, ૫.૨૫ મી નો પાર્કીગ તથા એકટીવીટી એરીયાનો બન્ને તરફ સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ઉધના દરવાજાથી સચીન સુધીના માર્ગ :– સુરતના રીંગરોડને જોડતા ઉત્તર દક્ષિણ દિશામાં આવેલ તથા NH-8 ને જોડતા સુરત નવસારી રોડનાં ઉધના દરવાજાથી સચીન સુધીનાં રસ્તાનો સમાવેશ કરેલ છે. જેમાં રીંગરોડ પાસે ઉધના દરવાજા, ખરવરનગર, ઉધના, બી.આર.સી., ભેસ્તાન થઈને સચીન જી.આઈ.ડી.સી. સુધી કુલ ૧૦.૨ કિમીનો સમાવેશ થાય છે. આ રૂટની પહોળાઈ ૪૫ મીટર તથા ૬૦ મીટરની છે. જેમા વચ્ચે બસની બે ૩.૫ મીટરની લેન તથા તેની બન્ને તરફ ૯.૦૦મીટરની પહોળાઈની મિક્ષ ટ્રાફિક લેન તેની બાજુમાં ૨.૦૦મીટર સાયકલ ટ્રેક તથા ૭.૦૦ મીટરની પહોળાઈની સર્વીસ લેન તથા ૫.૨૫ મીટરનો એકટીવીટી તથા પાર્કીગ એરીયાનો સમાવેશ થાય છે. સદર રસ્તા પૈકીનાં મોટા ભાગનું કામ પૂર્ણતાને આરે છે.

..૨..

**<u>ફેઝ–૨ હેઠળનાં કામો :–</u>**

| **(૧)** | **સદ્‌ભાવના મિશન અંતર્ગત બી.આર.ટી.એસ. ફેઝ–૨ અન્વયે સુરત શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ મુખ્ય રસ્તાઓને BRTS ROUTE તરીકે વિકસાવવાનું કામ.** | |
|---|---|---|
| **કોરીડોર નંબર** | **કોરીડોરની વિગત** | **કિ.મી. (અંદાજે)** |
| ૧ | ઉધના દરવાજાથી ભાગળ વાયા ગોપી તળાવ–એલીવેટેડ રોડ | ૧.૯ |
| ૨ | આઈમાતાથી સુરત રેલ્વે સ્ટેશન વાયા બોમ્બે માર્કેટ | ૩.૭ |
| ૩ | અડાજણથી જહાંગીરપુરા | ૪.૫ |
| ૪ | અડાજણથી પાલ | ૪.૦ |
| ૫ | પાલ થી ONGC સર્કલ | ૬.૭ |
| ૬ | ચોકથી કાપડીયાવાડી વાયા કાદરશાની નાળ અને મજુરાગેટ | ૩.૦ |
| ૭ | અણુવ્રત દ્વારથી સેંટ થોમસ સ્કુલ– ન્યુ સીટીલાઈટ રોડ | ૧.૯ |
| ૮ | સેંટ થોમસ સ્કુલ– ન્યુ સીટીલાઈટ રોડથી દક્ષેશ્વર મહાદેવ | ૫.૫ |
| ૯ | દક્ષેશ્વર મહાદેવથી વિશ્વકર્મા જંકશન વાયા ડીંડોલી ROB | ૭.૦૪ |
| ૧૦ | મગોબ વર્કશોપથી હીરાબાગ | ૩.૨ |
| ૧૧ | હીરાબાગથી કાંસાનગર તળાવ | ૩.૦ |
| ૧૨ | ગજેરા સર્કલ જંકશનથી જહાંગીરપુરા વાયા ડભોલી | ૫.૨૫ |
| ૧૩ | હીરાબાગથી અમરોલી વાયા કાપોજા જંકશન–ઉતરાણ | ૩.૫ |
| ૧૪ | રેલ્વે સ્ટેશનથી કતારગામ દરવાજા | ૧.૮ |
| ૧૫ | કતારગામ દરવાજાથી કોસાડ વાયા અમરોલી બ્રીજ | ૮.૧ |
| ૧૬ | સચીન જંકશનથી સચીન GIDC | – |
| ૧૭ | સરથાણાથી સુરત શહેરની હદ સુધી (કામરેજ તરફ) | ૨.૧ |
| ૧૮ | આઈમાતાથી મગોબ (સુરત શહેરની હદ સુધી) | ૧.૫ |
| ૧૯ | રેલ્વે સ્ટેશનથી ચોક બજાર વાયા રાજમાર્ગ | ૩.૯ |
| | | |
| **(૨)** | સદ્‌ભાવના મિશન અંતર્ગત સુરત–બી.આર.ટી.એસ. ફેઝ–૨ નાં ભાગરૂપે સુરત–કામરેજ રોડ પર આવેલ સવજી કોરાટ જંકશન પર ૨ × ૩ લેન ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૩)** | સદ્‌ભાવના મિશન અંતર્ગત સુરત–બી.આર.ટી.એસ. ફેઝ–૨ નાં ભાગરૂપે વિશ્વકર્મા જંકશન જે પુણા ગામ પાસે આવેલ છે જયાં બી.આર.ટી.એસ. ફેઝ–૧ નાં કેનાલ કોરીડોરને ક્રોસ કરતાં મીડલ રીંગરોડ પર ૨ × ૨ લેન ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૪)** | પ્રમુખ પાર્ક સોસાયટી, ભેદવાડ અને ડીંડોલીને જોડતો રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૫)** | ઉત્રાણ રેલ્વે સ્ટેશન પાસે આવેલ હયાત રેલ્વે ગરનાળા નં.૪૫૪ (મનિષા ગરનાળા) ઉપર અમરોલી–ઉત્રાણને જોડતાં ૩૬.૦ મી. નાં ટી.પી./ડી.પી. રોડ ઉપર રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૬)** | કતારગામ જી.આઈ.ડી.સી. માં ઉત્કલનગર અને વરાછા ઝોનમાં ફુલપાડા રાજીવનગર ઝૂંપડપટ્ટીને જોડતાં ડી.પી./ટી.પી. રોડ પર રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૭)** | ચોકથી રેલ્વે સ્ટેશન–દિલ્હીગેટ–ચીડીયાકુઈ–બોમ્બે માર્કેટ એલીવેટેડ રોડ બનાવવાનું કામ. | |
| **(૮)** | પાંડેસરા મેઈન રોડ પર પિયુષ કોમ્પલેક્ષ જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૯)** | પોલીસ કોલોની, પાંડેસરા, ગુ.હા.બોર્ડ જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૧૦)** | SVNIT કોલેજ સર્કલ–જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૧૧)** | સુરત–બારડોલી રોડ મીડલ રીંગરોડ ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ. | |
| **(૧૨)** | ઉમરાથી પાલ રીવર બ્રીજ | |